બિન અનામત શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગના ઈસમોને નાના ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને સ્વરોજગારલક્ષી તેમજ શૈક્ષણિક લોન આપવા માટે રૂ.૫૦૦૦૦.૦૦ લાખની નવી બાબતનો સુધારા ઠરાવ. (વર્ષ ૨૦૨૪-૨૫)

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ SJED/MSM/e-file/17/2023/3448/A-1

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૬-૧૨-૨૦૨૪

વંચાણે લીધાઃ

1. આ વિભાગનો તા.૦૫-૦૬-૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2023/3448/A-1
2. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૬-૧૧-૨૦૨૪નો પત્ર ક્રમાંક: વિજાક/નિગમ//૨૦૨૪-૨૫/૧૦૮૨-૮૩

## આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરના આ વિભાગનાં તા.૦૫-૦૬-૨૦૨૪નાં સમાનાંકી ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં રૂ.૫૦૦૦૦.૦૦ લાખની નવી બાબતની બજેટ જોગવાઈની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) ઉપરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને મળેલ રૂ.૫૦૦૦૦.૦૦ લાખની લોનની ગ્રાન્ટના વહીવટી મંજુરીના ઠરાવમાં યોજનાવાર લક્ષ્યાંક અને ગ્રાન્ટની ફાળવણીનાં એક્શન પ્લાનમાં સુધારો કરવા રજૂઆત કરેલ હતી, જે સક્રિય વિચારણા હેઠળ હતી.

### સુધારા ઠરાવ:

પુખ્ત વિચારણાનાં અંતે, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગના ઈસમોને નાના ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને સ્વરોજગારલક્ષી તેમજ શૈક્ષણિક લોન આપવા માટે રૂ.૫૦૦૦૦.૦૦ લાખની નવી બાબતની વહીવટી મંજુરીનાં તા.૦૫-૦૬-૨૦૨૪નાં ઠરાવમાં દર્શાવેલ કોષ્ટકને બદલે નીચે દર્શાવેલ કોષ્ટક મુજબનાં એક્શન પ્લાનની સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| બિન અનામત વર્ગની યોજના | અંદાજિત લાભાર્થીઓની સંખ્યા | રકમ |
|---|---|---|
| શૈક્ષણિક અભ્યાસ લોન | ૪૮૫ | રૂ. ૧૯૪૦.૦૦ લાખ |
| સ્વરોજગારલક્ષી લોન | ૮૦૦ | રૂ. ૩૨૦૦.૦૦ લાખ |
| વિદેશ અભ્યાસ લોન | ૨૯૮૪ | રૂ. ૪૪૭૬૦.૦૦ લાખ |
| કો. પાયલોટ તાલીમ લોન | ૦૪ | રૂ. ૧૦૦.૦૦ લાખ |
| કુલ | ૪૨૭૩ | રૂ. ૫૦૦૦૦.૦૦ લાખ |

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરના આ વિભાગનાં તા.૦૫-૦૬-૨૦૨૪નાં ઠરાવની ઉક્ત સુધારા સિવાયની અન્ય તમામ જોગવાઇઓ અને શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ની તા.૨૩-૧૨-૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કેતન ડામોર)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

**નકલ રવાના:**

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ